જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૦/૧૧/૨૦૨૨ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૨૦૨૧/૨૦૨૨

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૯/૧૧/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૯ | ૦ | ૧૪૯ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૭૦૨ | ૦ | ૧૦૦૭૦૨ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૩ | ૪,૮૫,૩૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

# <u>પાસા અટકાયતની વિગત</u>

## કૃષ્ણનગર પોલીસ સ્ટેશનઃ-

## આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી કૃષ્ણનગર પોલીસ

મહે.પોલીસ કમિશનર શ્રી અ'વાદ શહેર તથા અધિક પોલીસ કમિશનર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી "જી" ડીવીઝન નાઓની સુચના અને માર્ગદર્શન મુજબ (૧)કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૧૯૧૦૧૩૨૦૦૦૧૩/૨૦૨૦ ઇપીકો કલમ ૩૨૫,૨૯૪(ખ),૫૦૬(૨),૧૧૪ જી.પી.એકટ ૧૩૫(૧) મુજબ તથા (૨)કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૧૧૫૦૪/૨૦૨૧ ઇપીકો કલમ ૩૨૪,૩૨૩,૨૯૪(ખ),૫૦૬(૨),૪૨૭,૧૧૪ જીપી એકટ ૧૩૫(૧) મુજબના શરીર સબંધેના ગુનાઓ દાખલ થયેલ જે આધારે રેકર્ડ તૈયાર કરી તેના વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મહે. પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંકઃPCB/DTN/PASA/૯૪૫/૨૦૨૨ તા.૦૯/૧૧/૨૦૨૨ ના હુકમ આધારે તા.૦૯/૧૧/૨૦૨૨ ના કલાકઃ૨૦/૧૫ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ લાજપોર સુરત ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.

<u>આરોપીનું નામઃ-</u>

અજય હીરાભાઇ લાલાભાઇ બાવરી ઉ.વ.૨૧ રહે.વસંતનગરના છાપરા જોગણી માતાના મંદીરની સામે ઠકકરનગર અ'વાદ શહેર

<u>કામગીરી કરનાર અધિકારી/કર્મચારી</u>

પો.ઇન્સ.શ્રી બી.એમ.પટેલ તથા પો.સ.ઇ. એન.પી.ગરાસિયા તથા અ.હે.કો. પ્રવિણભાઇ રામાભાઇ બ.નં.૯૦૩૦ તથા અ.હે.કો. ધીરજકુમાર મંગળભાઇ બ.નં.૩૩૧૫ તથા અ.પો.કો.મયુરસિંહ ઉદેસિંહ બ.નં.૮૬૮૫ તથા અ.પો.કો. કલ્પેશસિંહ પોપટભાઇ બ.નં.૭૨૮૩



**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૦૨૨/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૨૨ કેસ કરી, ૯૨ વ્યક્તિઓને ઝડપી, ૬૧૨ લીટર દેશી દારૂ, ૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૯૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૯૨ બિયર ટીન કબજે કર્યા હતા. તથા જુગારધારા હેઠળ ૬ કેસ કરી, ૧૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૧૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૦૨૩/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૯૨૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. પ્રોહી ૯૩ મુજબ ૧૦૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ-** **સમાચાર યાદી નં.૨૦૨૪/૨૦૨૨**

**એલીસબ્રીજઃ** લલીત મુરલી ભાટીયા (ઉ.વ.૫૦) (રહે. શૈલી ટાવર્સ પોલીટેકનીક રોડ આંબાવાડી) એ તા.૦૯/૧૧/૨૦૨૨ ના રોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે જુલાઇ/૨૦૨૦ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી કૃણાલ નરેન્દ્રભાઇ પટેલ (ઠે. ઓફીસ ૩૦૩, ત્રીજો માળ, સીગનેટ હબ, અક્ષરચોક બ્રીજની પાસે, ઓ.પી. રોડ વડોદરા) એ લલીત ભાટીયાને લોન આપવાની લાલચ આપી પ્રોસેસ પેટે લલીત ભાટીયા પાસેથી રૂપિયા ૧૧,૬૮,૩૧૪/- મેળવી લઈ લોન નહી કરી તેમજ આપેલા નાણાં પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.બી.રાજપુત ચલાવે છે.

**સાયબર ક્રાઇમઃ** નિમિતભાઈ મહેશભાઈ ગાંધી (ઉ.વ.૪૭) (રહે. કુબેર રેસીડન્સી સાયન્સ સીટી સર્કલ ભાડજ સોલા) એ તા.૦૯/૧૧/૨૦૨૨ ના રોજ સાયબર ક્રાઇમ ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે ફેબ્રુઆરી/૨૦૧૯ થી આજ દિન સુધીના સમયગાળા દરમ્યાન મોબાઈલ નંબર ૮૮૦૦૩૮૫૬૨૫ ના ધારકે પોતાનુ નામ એ.કે.અસારી જણાવી Home shop india નામની કંપનીમાંથી વાત કરતા હોવાની ઓળખ આપી નિમિતભાઈને વિશ્વાસમાં લઈ ખોટા એગ્રીમેન્ટ બનાવી લોભામણી લાલચ આપી કુરીયરનું કામકાજ આપવાના બહાના હેઠળ ઈન્ટરનેટના માધ્યમથી તેઓના ખાતામાં રૂપિયા ૩,૦૭,૦૦૦/- ભરાવડાવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી બી.ડી.ગોહેલ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૦૨૫/૨૦૨૨**

શાહીબાગઃ સુરેશકુમાર કનૈયાલાલ જૈન (રહે. શૈત્રુજય એપાર્ટમેન્ટ સુભાષનગર ગિરધનગર શાહીબાગ) એ તા.૦૯/૧૧/૨૦૨૨ ના રોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૧૧/૨૦૨૨ કલાક ૮/૦૦ થી તા.૦૮/૧૧/૨૦૨૨ સાંજના ૬/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનની લોખંડની જાળી ખોલી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાના દાગીના, ચાંદીના ચોરસા, કેનન કંપનીનો કેમેરો મળી કુલ કિમત રૂપિયા ૨૩,૫૪,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.ડી.જાડેજા ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૦૨૬/૨૦૨૨**

**નારણપુરાઃ** વસંતકુમાર ગણપતલાલ પટેલ (રહે. મધુજીવન સોસાયટી અંકુર બસ સ્ટેન્ડ પાસે નારણપુરા) એ તા.૦૯/૧૧/૨૦૨૨ ના રોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૧૦/૨૦૨૨ સવારના ૧૧/30 થી સાંજના ૭/30 વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના પાછળના દરવાજે થી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોનાના દાગીના કિમત રૂપિયા ૯૫,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧૨,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૦૭,૦૦૦/- મતાની ચોરી કરી લઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.ટી.ચારણ ચલાવે છે.

**ત્યજી દીધેલ મૃત શિશુ મળી આવવા બાબતઃ-** **સમાચાર યાદી નં.૨૦૨૭/૨૦૨૨**

**ઓઢવઃ** તા.૦૯/૧૧/૨૦૨૨ સવારના ૬/30 વાગ્યાના સુમારે ઓઢવ અંબિકાનગર અર્બુદાપાર્ક સોસાયટી ખાતે તાજુ જન્મેલું મૃત નવજાત શિશુ ત્યજી દિધેલ હાલતમાં મળી આવતા ઓઢવ પોલીસે અજાણી વ્યક્તિ વિરૂધ્ધ ગુનો નોધી આ ગુનાની તપાસ પોસઈ.શ્રી એસ.કે.ડામોર ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૦૨૮/૨૦૨૨**

**શાહીબાગઃ** જીતેન્દ્રભાઇ કુલજીભાઇ પટણી (ઉ.વ.૩૯) (રહે.મોતીલાલ લલ્લુભાઇની ચાલી અસારવા) એ અગમ્ય કારણસર તા.૦૯/૧૧/૨૦૨૨ સાંજના ૫/૧૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયદીપસિંહ સુરાજી ચલાવે છે.

**વાસણાઃ** રામકુમાર પ્રમોદ ઝા (ઉ.વ.૪૦) (રહે. રામદેવનગર શક્તિનનગર સામે ખાડામાં વાસણા) એ અગમ્ય કારણસર તા.૦૯/૧૧/૨૦૨૨ કલાક ૧૨/૪૫ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે પંખા સાથે વાયર બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નરેન્દ્રસિહ નવલસિહ ચલાવે છે.

**મણિનગરઃ** હરપાલસિંહ વિનોદચંદ્ર પરમાર (ઉ.વ.૨૪) (રહે. મનોકામના ટેનામેન્ટ મુખીની વાડીની બાજુમાં વટવા રોડ વટવા) એ અગમ્ય કારણસર તા.૦૯/૧૧/૨૦૨૨ કલાક ૦૦/૦૦ વાગ્યા પહેલા ખોડિયાર માતાના મંદિર સામે મણીનગર રેલ્વે ક્રોસિંગ પાસે રેલ્વે ડાઉન લાઇનમાં થાંભલા નં.૪૯૧/૨૦ થી ૪૯૧/૧૮ વચ્ચે ટ્રેઈનની અડફેટે આવી આત્મહત્યા કરી હતી હતી. આ અંગે મણિનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.વી.દેસાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી